ગુજરાતમિત્ર

# પંચમહાલ-દાહોદ

78મા સ્વાતંત્ર્તા દિવસની ખુબખુબ શુભકામના

ગુરુવાર ૧૫ ઓગસ્ટ, ૨૦૨૪

દાહોદ કાર્યાલય : સોનીવાડ, રાધાકૃષ્ણ મંદિર પાસે, દાહોદ. ફોન નં. 02673-243785



## સંક્ષિપ્ત સમાચાર

### લીમખેડા તાલુકાના અંધારી પ્રાથમિક શાળામાં હર ઘર તિરંગા યાત્રા યોજાઈ



**લીમખેડા :** અત્યારે સમગ્ર દેશમાં 09 ઓગસ્ટ થી 15 ઓગસ્ટ સુધી હર ઘર તિરંગા યાત્રા યોજાઈ રહી છે. ત્યારે લીમખેડા તાલુકામાં આવેલી અંધારી પ્રાથમિક શાળામાં પણ આજ રોજ હર ઘર તિરંગા યાત્રા યોજાઈ. જેમાં અંધારી ગામના સરપંચ શુક્રમભાઈ, ઉપ સરપંચ દિનેશભાઈ વહોનીયા અને તલાટી કમ મંત્રી હરેશભાઈ બારીયા તેમજ શાળાના આચાર્યશ્રી, શિક્ષકગણ, વાલીઓ અને વિદ્યાર્થીઓ દ્વારા ગામમાં હર ઘર તિરંગા યાત્રામાં જોડાઇ યાત્રામાં સહભાગી થયા હતા. તેમજ બાળકોને શાળા પરિવાર વતી આઝાદી અને તિરંગાનું મહત્વ, ત્યાગ, ભાવના, સમર્પણ, દેશપ્રેમ, અને ક્રાંતિકારીઓની બલિદાન અને પ્રવૃત્તિનું મહત્વ અનિલભાઈ આર પટેલ દ્વારા સમજાવવામાં આવ્યું હતું.

### કાલોલમાં વહીવટી તંત્ર દ્વારા ભવ્ય તિરંગા યાત્રાનું આયોજન કરાયું



**કાલોલ :** ૧૫મી ઓગસ્ટ એટલે સ્વાતંત્ર્ય દિવસ. જે રાષ્ટ્રીય પર્વ છે.અને ઝંડા ઊંચા રહે હમારા દેશ ભક્તિ ગીત એ તિરંગા ની આન બાન અને શાન છે જે સદાય લહેરાતો રહે લોકો માં દેશભાવના જાગૃત થાય તિરંગાનું સન્માન થાય તેવા આશયથી સરકાર દ્વારા કેટલાક વર્ષોથી હર ઘર તિરંગાનું આયોજન કરે છે તે જ રીતે આ વર્ષે પણ આજે તારીખ ૧૪ ઓગસ્ટના સવારે આંઠ કલાકે તિરંગા યાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કાલોલ શાંતિનીકેતન શિક્ષણ સંકુલ શામળદેવી રોડ ખાતેથી શરૂ થઈ વલ્લભદ્વાર અને મહાલક્ષ્મી ચોકથી નગરપાલિકા થઈને ભાથીજી મંદિર થઇ તાલુકા પંચાયત પાસેના તીરંગા સર્કલ ખાતે પોંહચી ત્યાંથી પરત મેન હાઇવે ઉપરથી પસાર થઈ શાળા સ્કૂલ ખાતે તીરંગા યાત્રા પૂરી કરવામાં આવી હતી.

### એમજીએસ હાઇસ્કુલની વિધાર્થીઓ દ્વારા હર ઘર તિરંગા અભિયાન અંતર્ગત તિરંગા રેલી યોજાઇ



**કાલોલ :** કાલોલ કેળવણી પ્રચારક મંડળ સંચાલિત ધી એમ જી એસ હાઇસ્કુલ દ્વારા હર ઘર તિરંગા અભિયાન અંતર્ગત તિરંગા રેલી નું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ અને શાળાના સ્ટાફ દ્વારા ભાગ લેવામાં આવ્યો હતો કાલોલ નગરમાં રેલી નીકળી હતી અને વિદ્યાર્થીઓએ બેનર સહિત દેશભક્તિના સૂત્રોચાર કર્યા હતા. તિરંગાની આનબાન અને શાન જળવાય તેમજ લોકોમાં દેશભક્તિની ભાવના જાગે તે હેતુથી સમગ્ર દેશમાં તિરંગા યાત્રા નું આયોજન કરાઈ રહ્યું છે આ ઊપરાંત સ્પર્ધાત્મક પરીક્ષાનુ આયોજન પણ કરવામાં આવ્યુ હતુ.

### ગરબાડામાં ભવ્ય તિરંગા યાત્રા મોટી સંખ્યામાં નગરજનો જોડાયા



**ગરબાડા :** 15 મી ઓગષ્ટ, સ્વતંત્રતા દિવસના ઉપલક્ષમાં સ્વાતંત્ર્યતા પર્વની ઉજવણીના ભાગરૂપે સમગ્ર દેશમાં હર ઘર તિરંગા અંતર્ગત તિરંગા યાત્રા યોજાઈ રહી છે. દાહોદ જિલ્લામાં પણ તિરંગા યાત્રાને જનપ્રતિસાદ મળી રહ્યો છે. ત્યારે ગરબાડા તાલુકાના વિવિધ ગામોમાં પણ તિરંગા યાત્રા યોજાઈ હતી. જેમાં મોટી સંખ્યામાં પદાધિકારીઓ, ગ્રામજનો, પોલીસ જવાન, હોમગાર્ડના જવાનો તથા શાળાના છાત્રો જોડાયા હતા. ત્યારે ગરબાડા નગરમાં ગરબાડાના ધારાસભ્ય મહેન્દ્રભાઈ ભાભોરના અધ્યક્ષસ્થાને યોજાયેલી તિરંગા યાત્રામાં, પદાધિકારીઓ, પોલીસ જવાનો, હોમગાર્ડ જવાનો, અધિકારીઓ, કર્મચારીઓ, ગ્રામજનો, તથા શાળાના વિદ્યાર્થીઓ સહિત મોટી સંખ્યામાં નગરજનો હાથમાં તિરંગા સાથે જોડાયા હતા.

### કાલોલ કુમારશાળા ખાતે તિરંગા યાત્રાની ઉજવણી કરવામાં આવી



**કાલોલ :** સરકારના પરિપત્ર મુજબ શાળાઓમાં તિરંગા યાત્રા કાઢીને લોકોમાં જનજાગૃતિ ફેલાવવા માટે કાલોલ કુમાર શાળા તરફથી એક રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું.જેમાં તમામ બાળકો તિરંગા સાથે તેમજ કાલોલ કુમાર સ્ટાફ, એસ.એમ.સી સભ્યો અને વાલીગણ દ્વારા તિરંગા યાત્રા કાઢવામાં આવી હતી જેમાં ભારતની આઝાદીના અમૂલ્ય રત્નોને યાદ કરી તેમના નારા સાથે કુમાર શાળાથી લઈ તેના આજુબાજુના વિસ્તારમાં લોકજાગૃતિ માટે તિરંગા રેલી કાઢવામાં આવી હતી.

## દેવગઢબારીયા ખાતે જિલ્લા કક્ષાના સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી સંદર્ભે રિહર્સલ યોજાયું







**દાહોદ :** દાહોદ જિલ્લાના દેવગઢબારીયા તાલુકા મથક ખાતે સ્વ જયદીપસિંહજી રમત ગમત પ્રશિક્ષણ કેન્દ્ર ખાતે થનાર જિલ્લા કક્ષાના સ્વાતંત્ર્ય પર્વનું રિહર્સલ જિલ્લા કલેકટર યોગેશ નિરગુડેની ઉપસ્થિતિમાં યોજાયું હતું. આ વેળાએ જિલ્લા કલેકટર યોગેશ નિરગુડે એ તિરંગો લહેરાવીને ખુલ્લી જીપમાં પોલીસ પરેડનું અભિવાદન ઝીલ્યું હતું. આ સમયે વિવિધ શાળાના વિદ્યાર્થીઓએ દેશભક્તિના ગીતો પર નૃત્ય પ્રદર્શિત કરીને દેશભક્તિના રસથી તરબોળ કરીને ઉપસ્થિત લોકોને મંત્રમુગ્ધ કર્યા હતા. આ પ્રસંગે જિલ્લા વિકાસ અધિકારી ઉત્સવ ગૌતમ ,જિલ્લા પોલીસ અધિક્ષક ડો.રાજદીપસિંહ ઝાલા, નિવાસી અધિક કલેક્ટર જે.એમ.રાવલ, પ્રાંત અધિકારી જ્યોતિબા ગોહિલ, જિલ્લા પુરવઠા અધિકારી મિતેશ વસાવા, જિલ્લા શિક્ષણ અધિકારી સુરેન્દ્ર દામા, મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ઉદય ટીલાવત, નાયબ પોલીસ અધિક્ષક શ્રી રાઠોડ,નાયબ પોલીસ અધિક્ષક શ્રી મુકેશ વ્યાસ, દેવગઢબારીયા મામલતદાર શ્રી સમીરભાઈ પટેલ સહિત જિલ્લાના અમલીકરણ અધિકારીશ્રીઓ સહિત શાળાના શિક્ષકગણ તથા વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતાં

### અંતરિયાળ ગામડાઓમાં પ્રશંસનીય કામગીરી કરતી ટીમ અભયમ

## દાહોદ તાલુકાના ગામડામાં નસેડી પતિનુ કાઉન્સેલિંગ કરી લગ્નજીવન બચાવ્યુ

**બીજી વાર** આવી ભૂલ ના કરે તે માટે લખાણ લખી દાંમ્પત્યજીવન માટે સુખદ સમાધાન કરાવ્યુ

(પ્રતિનિધિ) દેવગઢબારીયા, તા,14

દાહોદ નજીકના એક ગામની મહિલાએ ફોન કોલ થી સંપર્ક કરતા જ અભયમ ની ટીમ મહિલાના નિવાસ્થાને પહોંચી હતી. જ્યાં કાઉન્સિલિંગ દરમિયાન જાણવા મળેલ કે પીડિતા સ્થાનિક સંસ્થામાં એક શિક્ષક તરીકે સર્વિસ કરતા હતા. ત્યાં તેઓ તેઓના પતિ અને તેમના બાળકો જોડે રહેતા હતા. ત્યાં છોકરાઓ અને છોકરીઓની છાત્રાલય હતી અને પીડિતા જણાવે છે કે તેઓના પતિ રાત્રી દરમિયાન નશાની હાલતમાં છાત્રાલયમાં પ્રવેશ કરી મહિલાનો માનસિક અને શારીરિક શોષણ કરે છે. તેમજ મહીલાને છુટાછેડા આપવાની અને મારી નાખવાની ધમકી આપે છે.

મહિલાનો પતિ કાંઈ કામ ધંધો કરતા નથી અને આ બાબતને મહિલાના સાસુને તમારા પરિવારને જણાવ્યું હતું તે મહીલાને જ બોલવા લાગ્યા હતા. જેથી વારંવાર પતિ છાત્રાલયમાં નશો કરેલી હાલતમાં આવતા હતા.

જેથી તેઓના પતિને જણાવ્યું કે આ આ કેમ્પસમાં તમે નશો કરી ના આવી શકો અને તમારી વાઈફ સર્વિસ કરે છે તો તમે તમારી વાઈફને સમજી અને તેઓને સપોર્ટ કરો જેથી તમારી પાસે તમે શાંતિથી રહી શકો . છાત્રાલયના કેમ્પસમાં આવી રીત નશો ના કરી શકાય અને તમે તમારી ઈમેજ અને તમારી પત્ની ની ઈમેજ બગાડો છો. તમારું બાળક પણ તમારાથી શું શીખે જેથી પીડિતાના પતિ તેઓની ભૂલ સમજાય અને બીજી વાર આવી ભૂલ ના કરો તે માટે લખાણ લખી સુખદ સમાધાન કરાવ્યુ હતું.

### પોલીસે નાકાબંધી કરી કારને રોકી હતી

## દેવગઢ બારીઆના તોયણી ગામે કારમાંથી 1 લાખથી વધુનો દારૂ ઝડપાયો

(પ્રતિનિધિ) દાહોદ, તા,14

દાહોદ જિલ્લાના દેવગઢ બારીઆના તોયણી ગામે પોલીસની નાકાબંધી દરમ્યાન એક ફોર વ્હીલર ગાડીનો ચાલકના ચાલકે સ્થળ પર પોતાના કબજાની ફોર વ્હીલર ગાડી સ્થળ પર મુકી નાસી જતાં પોલીસે ફોર વ્હીલર ગાડીમાંથી વિદેશી દારૂ તથા બીયરનો રૂા.૧,૦૦,૫૬૦ના પ્રોહી જથ્થા સાથે ગાડીની કિંમત મળી પોલીસે કુલ રૂા.૩,૫૦,૫૬૦નો મુદ્દામાલ કબજે કર્યાનું જાણવા મળે છે.

ગત તા.૧૩મી ઓગષ્ટના રોજ પોલીસને મળેલ બાતમીના આધારે દેવગઢ બારીઆના તોયણી ગામે નાકાબંધી કરી આવતાં જતાં તમામ નાના મોટા વાહનોની તલાસી હાથ ધરતાં હતાં તે સમયે ત્યાંથી બાતમીમાં દર્શાવેલ એક ફોર વ્હીલર ગાડી પસાર થતાં પોલીસ સાબદી બની હતી પરંતુ ફોર વ્હીલર ગાડીના ચાલકે દુરથી પોલીસને જોઈ લેતાં પોતાના કબજાની ગાડી સ્થળ મુકી નાસી ગયો હતો.

પોલીસે ફોર વ્હીલર ગાડીમાં તલાસી લેતાં તેમાંથી પોલીસે વિદેશી દારૂ તથા બીયરની કુલ બોટલો નંગ.૭૪૪ જેની કિંમત રૂા. ૧,૦૦,૫૬૦ના પ્રોહી જથ્થા ગાડીની કિંમત મળી પોલીસે કુલ રૂા.૩,૫૦,૫૬૦નો મુદ્દામાલ કબજે કરી આ સંબંધે પીપલોદ પોલીસે પ્રોહીનો ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## લીમખેડાના પનૈ ગામે ટ્રકની અડફેટે બાઈક ચાલકનુ મોત

(પ્રતિનિધિ) દાહોદ, તા,14

ગત તા.૧૩મી ઓગષ્ટના રોજ દેવગઢ બારીઆના પીપલોદ પંચેલા ગામે ગુણીયા ફળિયામાં રહેતાં ૪૧ વર્ષિય વિજયભાઈ ખાતુભાઈ વણઝારા પોતાની મોટરસાઈકલ લઈ લીમખેડાના પનૈ ગામેથી પસાર થઈ રહ્યાં હતાં તે સમયે ત્યાંથી એક કન્ટેઈનર ટ્રકના ચાલકે પોતાના કબજાની કન્ટેઈનર ટ્રક પુરઝડપે અને ગફલત ભરી રીતે હંકારી લાવી વિજયભાઈની મોટરસાઈકલને પાછળથી જોશભેર ટક્કર મારતાં વિજયભાઈ મોટરસાઈકલ સાથે જમીન પર પટકાતા તેઓને શરીરે, હાથે પગે તેમજ માથાના ભાગે ગંભીર જીવલેણ ઈજાઓ પહોંચતાં તેઓને તાત્કાલિક નજીકના દવાખાને સારવાર માટે લઈ જવામાં આવ્યાં હતાં જ્યાં સારવાર દરમ્યાન વિજયભાઈનું મોત નીપજતાં પરિવારજનોમાં ગમગીની છવાઈ ગઈ હતી.

### મઘવાસની જમીન ઉપર ગેરકાયદેસર કબજો જમાવ્યો

## મુળ માલિકની વારસ મહિલા સામે લેન્ડ ગ્રેબીંગની ફરિયાદ

**ગેરકાયદેસર** મિલકતો પચાવી પાડતા ઈસમો ને બોધપાઠ આપતો હુકમ. એક જ જમીન ઉપર બે વ્યક્તિ સામે લેન્ડ ગ્રેબીગ

(પ્રતિનિધિ) કાલોલ, તા,14

કાલોલ તાલુકાના મઘવાસ ગામની સર્વે નં ૮૪૬ વાળી બિનખેતી ની જમીન મુંબઈ ની મુકુંદ આર્યન લી નામની કંપનીએ વર્ષ ૧૯૮૪મા ખરીદ કરી હતી જે જમીન મુળ માલીક સ્વ માનસિંહ ગોહિલે વર્ષ ૧૯૮૨ મા કાલોલના પ્રેમજીભાઈ બડઘા ને વેચાણ કરી હતી અને તેઓની પાસેથી કંપનીએ ૧૯૮૪ મા ખરીદ કરી હતી જે જમીન ઉપર ગેરકાયદેસર રીતે રશિમકબેન ઊર્ફે સીતા તે માનસિંહ નાનાભાઈ ગોહિલ ની પુત્રી અને બળવંતભાઈ પરમારની પત્ની દ્વારા કબજો કરી કાચુ પાકુ ઝૂપડું બનાવી પાણીનો બોર કરી ખેતી કરતા હોવાનુ કંપનીના પ્રતિનિધિ ને ધ્યાને આવતા તેઓએ કંપની ને જાણ કરતા કંપની દ્વારા જમીન ખાલી કરવા જણાવતા જમીન ખાલી કરી નહોતી જે બાદ કંપની ના અધિકૃત પ્રતિનિધિ દ્વારા પંચમહાલ જિલ્લા કલેકટર કચેરીએ જમીન પચાવી પાડવાના ગુના બાબતે ઓન લાઈન અરજી દાખલ કરી હતી. અને રશિમકબેન ઊર્ફે સીતા દ્વારા ગુજરાત હાઈકોર્ટમાં પિટિશન દાખલ કરી હતી.જે બાદ કલેક્ટર કચેરી ખાતેની અરજી તા ૦૬/૦૯/૨૩ ના રોજ દફતરે કરાઈ હતી. જે સમયગાળા દરમિયાન આ જમીન ઉપર રમેશભાઈ ચતુરભાઈ સેનવા (મકવાણા) એ આ જમીન ઉપર પાકુ મકાન બનાવી ખેતી કરતા હોવાથી તેઓ સામે લેન્ડ ગેબિંગ એક્ટ હેઠળ ગત તા ૦૪/૧૨/૨૩ ના રોજ કાલોલ પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ હતી.રશિમકબેન ઊર્ફે સીતા ની અરજી ઉપર હાઈકોર્ટ કોઇ રાહત ન આપતા તા ૨૨/૦૫/૨૪ ના રોજ કલેક્ટર કચેરીએ ઓન લાઇન અરજી દાખલ કરતા અધિક નિવાસી કલેક્ટર દ્વારા તા ૦૬/૦૮/૨૪ ના રોજ લેન્ડ ગ્રેબિગ એક્ટ હેઠળ ફરિયાદ કરવા હુકમ કરાતા હુકમ ની નકલ સાથે કંપની ના અધિકૃત પ્રતિનિધિ નિલેશ સોપાન સુરવશે એ કાલોલ પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસે જમીન પચાવી પાડવાના ગુનામાં મહિલાની અટકાયત કરી હતી.

### સ્મૃતિ દિવસ એટલે ભારતનું વિભાજન અને મોટી સંખ્યામાં માનવ વિસ્થાપન થયુ હતુ

## ભાજપ ગુજરાત પ્રદેશ દ્વારા દાહોદમાં વિભાજન વિભિષિકા કાર્યક્રમ યોજાયો

(પ્રતિનિધિ) દાહોદ, તા,14

તા.14 ઓગસ્ટ વિભાજન વિભિષિકા અંતર્ગત ગોષ્ઠી નો કાર્યક્રમ સ્વામી વિવેકાનંદ સંકુલ ખાતે ગુજરાત પ્રદેશના સહપ્રવક્તા હિતેન્દ્ર પટેલની પ્રેરક ઉપસ્થિતિમાં યોજાયો જેમાં એક વિશેષ ફિલ્મ પ્રદર્શની અને વક્તવ્ય નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું હિતેન્દ્ર પટેલ એ કોંગ્રેસ ઉપર અક્ર પ્રહારો કરતા કહ્યું કે કોંગ્રેસ એ ત્તૃસ્ટિકરણ નું રાજકારણ આઝાદી પેહલાથી કરતી રહી છે અને માત્ર અને માત્ર સત્તાની લાલસા માટે અને પરિવારનું રાજ ચાલ્યા કરે તેના માટે દેશના હિતો અને



લોકોના ભાવિ ને જોખમમાં મૂક્યા છે

ભારતમાં આઝાદી પૂર્વથી વર્ષ 1915 થીજ કોંગ્રેસ અને કટ્ટર પંથી સંગઠન સાથે મળી ભારતના ભાગલા પાડી અલગ મુસ્લિમ રાષ્ટ્ર બનાવવાની માંગ કરતા રહ્યા હતા અને અને આખરે 14મી ઓગસ્ટ 1947 ના રોજ આઝાદી પૂર્વ અલગ રાષ્ટ્ર પાકિસ્તાન બન્યુ હતું અને તે દિવસે અને પછી જે કરુણાંતિકા ઓ સર્જાઈ હતી તેનું દુ:ખ તેની વેદનાઓ હજી પણ ત્યાંથી આવેલા લોકોના પરિવાર જનોના હ્રદયમાં વસે છે અને તેની ચર્ચાઓ કરતા તેમનું હ્રદય દ્રવી ઉઠે છે

### નિષ્ણાત ડાકટરોની ટીમે મહિલા અને બાળક બંનેને બચાવી લીધા

## દાહોદની પડવાલ હોસ્પિટલમાં માત્ર 4 ફૂટની મહિલાની હેમખેમ પ્રસુતિ કરાવાઈ

(પ્રતિનિધિ) દાહોદ, તા,14

દાહોદ શહેરમાં રહેતી તસનીમબેન કથીરિયા કે જેની ઉંચાઇ માત્ર 4 જ ફુટની છે,47 કિલો વજન છે. તસનીમબેનના આખા શરીરે જન્મજાત ચરબીની નાની-નાની ગાંઠો છે. પોતાના માતા-પિતાની એકની એક દિકરી માટે ભારે શોધખોળ બાદ 30 વર્ષે મુરતિયો મળતાં તેના હરખ સાથે લગ્ન કરાવાયા હતાં.

લગ્ન બાદ તસનીમબેનને ગર્ભ રહેતાં તેની અને પરિવારની ખુશીનો કોઈ પાર ન હતો. ભારે માવજત છતાં તેની શારીરીક તકલીફોને કારણે આઠમા માસે બાળકનું ગર્ભમાં જ નિધન થઇ જતાં પરિવારની તમામ ખુશી ઓસરી ગઇ હતી. તસનીમબેનને બીજી વખત ગર્ભ રહ્યુ હતુ પરંતુ આ વખતે બાળકના ગ્રોથ સાથે તેની મેલીનો સંપૂર્ણ ભાગ નીચે આવી ગયો હતો.

તેને સારવાર માટે દાહોદની પડવાલ વુમન્સ હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી. આ સ્થિતિમાં કાં



તો માતા બચે, કાં બાળક બચે તેવી સ્થિતિ પેદા થઇ હતી. ત્યારે માતૃત્વની ઝંખના રાખતી તસનીમબેને કોઈ પણ પ્રકારના વિલંબ વગર ભલે પોતે ના રહે પણ બાળકને બચાવવાની તબીબ રાહુલ પડવાલ સામે આજીજી કરી હતી. પરિવાર અને મહિલાની સંમતિથી તેનું ઓપરેશ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. પરિવાર બંનેનું જીવન સલામત રહે તેવી દુઆઓમાં જોતરાયુ હતું. મોટુ કોમ્પ્લિકેશન ધરાવતી તસનીમબેનનું ઓપરેશન કરીને સૌ પ્રથમ 2 કિલો 700 ગ્રામ વજનના દિકરાની હેમખેમ પ્રસુતિ કરાવાઈ હતી.

### ફતેપુરા તાલુકા આરોગ્ય વિભાગમાં કામ કરતા કર્મચારી આશા ફેસીલીટરને ઈન્શેન્ટીવના નાણાં માટે ધરમ ધક્કા

## નાણાં નહીં ચૂકવાય ત્યાં સુધી ફરજ ઉપર હાજર નહીં થઈ હડતાલ ઉપર ઉતરવાની ચિમકી ઉચ્ચારાઈ

(પ્રતિનિધિ) સુખસર, તા,14

ફતેપુરા તાલુકામાં સરકારી ખાતામાં સામાન્ય જગ્યા ઉપર ફરજ બજાવતા કેટલાક કર્મચારીઓને જે-તે ખાતાના જવાબદારો દ્વારા કર્મચારીઓને મળવાપાત્ર રકમ સમયસર નહીં ચૂકવી અન્યાય કરવામાં આવતો હોવાની વાત સામાન્ય છે.અને તેવી જ રીતે તાલુકા આરોગ્ય શાખામાં ફરજ બજાવતા આશા વર્કર તથા આશા ફેસીલીટર બહેનોને મળવા પાત્ર ઈન્શેન્ટીવની રકમ છેલ્લા એક વર્ષ ઉપરાંત થી નહીં આપી અન્યાય કરવામાં આવતા આખરે ગુજરાત જનરલ કામદાર એસોસિએશન દ્વારા મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી દાહોદના ઓને રજૂઆત કરી પોતાને મળવા પાત્ર રકમ આપવામાં આવે તેમ જ આ રકમ વહેલી તકે ચૂકવી આપવામાં નહીં આવે તો પોતાની ફરજની કામગીરીથી વિમુખ રહી હડતાલનો માર્ગ અપનાવનાર હોવાની ચિમકી ઉચ્ચારવામાં આવી હોવાનું જાણવા મળે છે. પ્રાપ્ત વિગતો મુજબ ફતેપુરા તાલુકાના આરોગ્ય વિભાગમાં કામ કરતા આશા વર્કર તથા આશા ફેસીલીટરને 50 ટકા ઈન્શેન્ટીવની રકમના નાણાં છેલ્લા એક વર્ષ ઉપરાંત નો સમય થવા છતાં નાણા આપવામાં આવતા નહીં હોવાની ફરિયાદો ઉઠવા પામેલ છે.જોકે દાહોદ જિલ્લાના અન્ય તાલુકાઓમાં આશા વર્કર તથા આશા ફેસીલીટરમાં ફરજ બજાવતી બહેનોને 50 ટકા ઈન્શેન્ટિવની રકમ ત્રણ માસ પહેલા ચૂકવી આપવામાં આવેલ હોવાનું જાણવા મળે છે.ત્યારે ફતેપુરા તાલુકામાં આશા વર્કર તથા આશા ફેસીલીટર બહેનોને કયા નિયમો નડતરરૂપ થતાં આ રકમ ચૂકવવામાં આવતી નથી?ની ચર્ચા ઉઠવા પામેલ છે.

## કાલોલના દેલોલ ગામેથી પાંચ જુગારીઓને પોલીસે ઝડપ્યા

(પ્રતિનિધિ) કાલોલ, તા,14

કાલોલ પોલીસ સ્ટેશન નો સ્ટાફ પેટ્રોલીંગમાં હતો. તે દરમ્યાન ખાનગી રાહે બાતમી મળેલ કે દેલોલ ગામે વણઝારા વાસમાં આવેલ ખુલ્લી જગ્યામાં કેટલાક ઈસમો પત્તા-પાના વડે રૂપીયાથી હાર-જીતનો જુગાર રમી રમાડે છે તેવી મળેલ બાતમી વાળી જગ્યાએ રેડ કરતાં કેટલાક ઈસમો જાહેરમાં ખુલ્લી જગ્યામાં ગોળ કુંડાળુ વળી ભેગા બેસી કંઈક રમતા હોય તેમ લાગતા ચારેય બાજુથી કોર્ડન કરી સદરી જગ્યાએ પોલીસ રેડ કરતા રમવા બેસેલ ઈસમો પોલીસને જોઈ નાસ ભાગ મચી ગઈ હતી ત્યારે કાલોલ પોલીસે પાંચ જુગારીઓને ઝડપી પાડી રૂપિયા ૪૨૩૦ ના મુદ્દામાલ સાથે પાંચ ઈસમોને ઝડપ્યા હતા પકડાયેલા જુગારીઓના નામ (૧) વિક્રમસિંહ ઉર્ફે ગોયરો રહે દેલોલ બહાર ફળિયુ (૨) ભરતભાઈ પુરુષોત્તમભાઈ જોશી રહે ગુરૂવાસ દેલોલ (૩) નરવતભાઈ ભીમાભાઈ રાઠોડ રહે શાતિમાતા વાળું ફળિયું દેલોલ (૪) જયેશભાઈ સનાભાઈ ભોઈ રહે ભોઈવાડા વેજલપુર ગામ (૫) વિજયભાઈ રામાભાઈ રાઠોડ રહે દેલોલ વણઝારા વાસ આ તમામ ઈસમોને કાલોલ પોલીસે પકડી પાડ્યા હતા.